# પાણી વગર કાર વોશ : સિટીના યંગસ્ટરનું અનોખું સ્ટાર્ટઅપ

અમદાવાદ : ભારતના મોટાભાગના શહેરોમાં હવે કાર સામાન્ય થઈ ગઈ છે. દરેક સોસાયટી અને ફ્લેટમાં જો દરરોજ કારને પાણીથી ધોવામાં આવે તેની વાત કરવામાં આવે તો તેને લીધે ઘણું પાણી બગડતું હોય છે. વેસ્ટ પાણીને રીસાઈકલ કરી શકાય તે પ્રકારના પ્લાન્ટનો અમલ હજી આપણે ત્યાં થયો નથી. જેના કારણે વેસ્ટ પાણી ગટરમાં જાય છે. જો આપણે એક મહિનામાં માત્ર કાર વોશ માટે વપરાતા પાણીનો અંદાજ લગાવીએ તો અંદાજે લાખો લિટર પાણી વેસ્ટ જતું હશે. વેસ્ટ થતાં પાણીને બચાવવા માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પાસ આઉટ સ્ટુડન્ટ રાહુલ ગોન્ઝાલ્વિસે પોતાનું યુનિક સ્ટાર્ટઅપ છેલ્લા પાંચ મહિનાથી શરૂ કર્યું છે. જેમાં તે દરેક કારને પાણી વગર જ સાફ કરી આપવાની સર્વિસ આપશે, સાથે જ કારના કલર કે તેની ઈફેક્ટ પર કોઈ અસર પણ નહીં થાય. તેની પ્રોડક્ટ સંપૂર્ણપણે નેચરલ પ્રોડક્ટ્સ માંથી તૈયાર થયેલી છે.






## આ રીતે કાર વોશ કરવામાં આવે છે

મોટેભાગે કારને પાણીથી સાફ કરીને તેને વોશ કરવામાં આવે છે. પરંતુ આ મેથડમાં કાર પર જેલ અને વેક્સ જેવું લગાવીને તેને નોર્મલી સાફ કરવામાં આવે છે. કાર અંદર અને બહાર સાફ કરવા માટેનો ચાર્જ ૧૨૫ રૂપિયાની આસપાસ થાય છે. કાર વોશમાં માઇક્રોફાઇબરનો યુઝ કરવામાં આવે છે. સંપુર્ણ નેચરલ પ્રોડક્ટ હોવાથી કારનો કલર કે તેના પાટ્ર્સ પર લાંબા ગાળે પણ અસર થશે નહીં. આ માટે ખાસ ઓઇલ અને વેક્સને ખાસ બ્રાઝિલથી મંગાવવામાં આવે છે અને અમદાવાદમાં લાવીને તેને નક્કી કરેલી માત્રામાં મિક્સ કરવામાં આવે છે. - રાહુલ ગોન્ઝાલ્વિસ, ફાઉન્ડર

**કેવી રીતે તૈયાર થયો કોન્સેપ્ટ** : પોતાના આઇડિયા વિશે વાત કરતા રાહુલ જણાવે છે કે, આપણે ત્યાં સવારના સમયે લોકો પોતાની કાર પાણીથી સાફ કરતા જોવા મળશે. દરેક સોસાયટીમાં સવારે તમને પાણીનો ઉપયોગ થયેલો જોવા મળશે. તે જ સોસાયટીમાં બપોરના સમયે પાણી ખતમ થઇ જાય છે. આપણે ત્યાં લોકો પાણીનું મહત્વ સમજતા નથી. તેથી મે આ પ્રકારની સર્વિસ આપવાની શરૂઆત કરી. મારે ત્યાં કામ કરતા લોકોને પણ ખાસ બે દિવસની ટ્રેનિંગ બાદ જ આ કામમાં મોકલવામાં આવે છે. અમારે એક કાર સાફ કરતા ૮ મિનિટનો સમય લાગે છે. મને પાણી બચાવવાનો આનંદ છે. આજે અમદાવાદના ત્રણ પેટ્રોલ પંપ પર અને ઘણી સોસાયટીમાં સર્વિસ ચાલુ કરી છે.



## સ્ટાર્ટઅપ પોલિસીમાં માત્ર વાતો છે, અમલ થયો નથી

ગુજરાતમાં કહેવાય છે કે સ્ટાર્ટઅપ માટે સારી ફેસિલિટી અને વાતાવરણ ઊભું થઇ રહ્યું છે ત્યારે રાહુલે જણાવ્યું હતું કે, મારા સ્ટાર્ટઅપ માટે મારે ફંડ મારી બીજી કંપની પાસેથી લેવું પડ્યું હતું. સરકારની સ્ટાર્ટ અપ પોલિસીમાં જે લોકોને આઇડિયા કે પૈસા પાસ કરવાનું કહેવામાં આવ્યું છે તે મોટે ભાગે પોતાની કોલેજ અથવા ઇન્સ્ટિટ્યૂટને વધારે પ્રાધાન્ય આપે છે. તેથી ઘણાં સારા આઇડિયાઝ પ્રોત્સાહનથી વંચિત રહી જાય છે.

## દક્ષિણ ભારતના લોકો કરતાં આપણે પાણી બચાવવામાં પાછળ છીએ

થોડા સમય પહેલાં એ.એમ.સી. દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તારોમાં વોટર મીટરની વાત કહેવામાં આવી હતી. પરંતુ તેની સામે લોકોએ વિરોધ કર્યો તો ત્યારબાદ તેમાં ખાસ પ્રગતિ જોવા મળી નથી. જ્યારે કે દક્ષિણ ભારતના લોકો પાણીના દરેક ભાગનું મહત્ત્વ સમજે છે.